# Seventh Roundtable Meeting of ASEAN-India Network of Think Tanks

## આસિયાન(ASEAN) ઈન્ડિયા નેટવર્ક ઓફ થિંક ટેન્ક્સની સાતમી રાઉન્ડ ટેબલ મીટિંગ

મે 13, 2022

12 અને 13 મે, 2022ના રોજ રિસર્ચ એન્ડ ઈન્ફોર્મેશન સેન્ટર, નવી દિલ્હી ખાતે એસોશિએશન ઓફ સાઉથ ઈસ્ટ આશિયન નેશન્સ (ASEAN)-ઈન્ડિયા સેન્ટર અને કંબોડિયન ઈન્સ્ટિટ્યૂટ ફોર કો-ઓપરેશન એન્ડ પીસ (CICP)ના સહયોગથી મિનિસ્ટ્રી ઓફ એક્સટરનલ અફેર્સ (MEA) દ્વારા ઓનલાઈન અને ઓફ લાઇન મિશ્રમાં એસોશિએશન ઓફ સાઉથ ઈસ્ટ આશિયન નેશન્સ ( ASEAN) -એશિયન ઈન્ડિયા નેટવર્ક ઑફ થિંક ટેન્ક (AINTT) ના 7માં રાઉન્ડ ટેબલનું આયોજન કરવામાં આવ્યું હતું.

2. ડૉ. રાજકુમાર રંજન સિંહ, વિદેશ અને શિક્ષણ રાજ્ય મંત્રી, ભારત સરકાર અને ડૉ. કુંગ ફોક, વિદેશ અને આંતરરાષ્ટ્રીય સહકાર મંત્રાલયના રાજ્ય સચિવ, કિંગડમ ઓફ કંબોડિયાએ સંયુક્ત રીતે 7મી AINTTનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સત્રમાં વરિષ્ઠ અધિકારીઓની બેઠકના નેતાઓ/તેમના પ્રતિનિધિઓ અને ASEAN સભ્ય દેશોના રાજદૂતોએ પણ ભાગ લીધો હતો. સેક્રેટરી ફોકે તેમના સંબોધનમાં આરોગ્ય, રસી, આબોહવા પરિવર્તન અને પ્રતિરોધક્ષમતાપૂર્ણ સપ્લાય ચેઈન જેવા ક્ષેત્રોમાં ASEAN-ભારત સહયોગને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. રાજ્યમંત્રીએ તેમના સંબોધનમાં મહામારી પછીની આર્થિક પુનઃપ્રાપ્તિ માટે ASEAN-ભારત સહકાર માટે અગત્યની કાર્યસૂચિ બાબતો તરીકે આરોગ્ય સુરક્ષા, ડિજિટલ ભાગીદારી અને આર્થિક, સામાજિક,પર્યાવરણીય ટકાઉ પુનઃપ્રાપ્તિમાં સહકારના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

3. તમામ ASEAN સભ્ય દેશો અને ભારતના વક્તાઓએ બે-દિવસીય ઈવેન્ટમાં તેમના મંતવ્યો જે 'પોસ્ટ-કોવિડ-19 રિકવરી: ‘ASEAN-ભારત ભાગીદારી માટે પ્રાદેશિક સહકાર એજન્ડા' ની થીમ પર કેન્દ્રિત હતા તે શેર કર્યા હતા. વક્તાઓએ ટકાઉ વૈશ્વિક રોજગાર, વૈશ્વિક આર્થિક સધ્ધરતાની પુનઃપ્રાપ્તિ, આરોગ્યમાં સહકાર, સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ, માઈક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝીઝ, કનેક્ટિવિટી અને પ્રતિરોધક્ષમતાપૂર્ણ સપ્લાય ચેઈન ઉપરાંત અન્ય ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી. વૈશ્વિક આર્થિક વ્રૌધ્ધિ દરના પરીવર્તન લાવવાના સંદર્ભમાં, વિદ્વાનો, શિક્ષાવિદો અને થિંક ટેન્કોએ ભારત અને ASEAN વચ્ચેના જોડાણને મજબૂત કરવા અને સહકારિતા તકોને શોધીને ઓળખવા માટે નવા અંદાજો રજૂ કર્યા હતા.

4. 7મી ASEAN-ઈન્ડિયા સમિટ ખાતે  થિંક ટેન્ક, નીતિ ઘડનારાઓ, વિદ્‌વાનો, મીડિયા અને વેપારી પ્રતિનિધિઓની બનેલી ASEAN-ભારત રાઉન્ડ ટેબલની સ્થાપના સહકારની ભાવિ દિશા પર સરકારોને પોલિસી ઈનપુટ્સ પૂરા પાડવા થાઈલેન્ડમાં 2009માં કરવામાં આવી હતી.
આ ફોરમ ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધન પ્લેટફોર્મ તરીકે કામ કરે છે અને ASEAN-ભારત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યો પૂરા પાડે છે. AINTT ના પાછલા છ રાઉન્ડ ટેબલ અનુક્રમે 2012માં નવી દિલ્હીમાં, 2013માં વિયેન્ટિને, 2014માં હનોઈ, 2015માં કુઆલાલમ્પુર, 2018માં જકાર્તા અને 2020માં બેંગકોક ખાતે યોજાયેલ.

નવી દિલ્હી
**મે 13, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.